ગાંધીનગર સમાચાર

# ટાટા ચોકડીએ સ્ટ્રીટ લાઈટો બંધ હોવાથી અનેકને ત્રાસ...!!

**ક-૬ સર્કલે ઘણા સમયથી બંધ સ્ટ્રીટ લાઈટો અપડાઉનિયા વિદ્યાર્થીઓ, નોકરિયાતો માટે મોટી મુશ્કેલી સમાન : શિયાળાના કારણે વહેલુ અંધારુ થતા મહિલા મુસાફરો માટે જોખમ રૂપ**

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરમાં સ્ટ્રીટ લાઈટ બાબતે તંત્ર દ્વારા બેદરકારીના મામલા વધી રહ્યા હોવાના કિસ્સા બહાર આવી રહ્યાં છે. થોડાક સમય પૂર્વે સે-૪ એ સે-૬માં સ્ટ્રીટલાઈટો બંધ હોવાના બાબતે રહીશોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. હજુ પણ નગરના અનેક વિસ્તારમાં સ્ટ્રીટલાઈટો બંધ હોવાની ફરિયાદો મળતી રહે છે. છેલ્લા કેટલાય સમયથી ક-૬ સર્કલ એટલે કે ટાટા ચોકડીએ બંધ સ્ટ્રીટલાઈટો અનેક વ્યકિતઓ માટે મુસીબતનું કારણ બની રહી છે પરંતુ હજુ પણ તંત્રની દુર્લક્ષતા ઓછી થતી નથી.

ટાટા ચોકડી તરીકે સુવિખ્યાત ક-૬ સર્કલ અસંખ્ય વિદ્યાર્થીઓ, નોકરિયાતો તથા ધંધાર્થીઓ માટે ખૂબ જ મહ્‌ત્વનો પોઈન્ટ છે. અહીંથી પાલનપુર, મહેસાણા, ગોઝારિયા, વિસનગર જેવા મોટા સ્થળો ઉપરાંત માણસા, બાલવા, રાંધેજા, વાસણીયા મહાદેવ વગેરે માટેનું મહત્વનું પીક અપ સ્ટેન્ડ ગણાય છે. આ સ્થળે વહેલી સવારે અનેક વિદ્યાર્થીઓ વાસણ ગામે બાપૂ કોલેજ કે ખેરવા ખાતેની ગણપત યુનિ. જવા માટે સાધન પકડવા ઉભા રહે છે. ક-૬ સર્કલ જીઆઈડીસી વિસ્તારમાં આવેલ હોવાથી અનેક નોકરિયાતો જેમાં મહિલાઓનો પણ સમાવેશ થાય છે તેઓ અહીંથી વાહન વ્યવહારની સગવડ મેળવે છે. આજ પ્રકારનો માહોલ સમી સાંજે પણ જોવા મળે છે. આસપાસના વિસ્તારમાંથી ગાંધીનગર ખાતે અભ્યાસ, નોકરી વ્યવસાય કે ધંધાર્થે આવતા નાગરિકો અહીં પરત ફરવા માટે વાહનની, સીટી બસ કે એસટી બસની રાહ જોઈ ઉભા હોય છે. આ તમામ મુસાફરોને ક-૬ સર્કલે સ્ટ્રીટ લાઈટો બંધ હોવાથી પ્રકાશના અભાવે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

શાલા કોલેજની યુવાન કિશોરીઓ-યુવતિઓ તથા અપ ડાઉન કરતી મહિલાઓ માટે વહેલી સવારે કે સાંજના સમયે શિયાળાની ઋતુ હોવાથી અંધકારભર્યા વાતાવરણમાં સલામતીનું જોખમ ઉભુ થયું છે. સત્વરે આ સર્કલે સ્ટ્રીટલાઈટની મરામત કરી ચાલુ કરવામાં આવે તેવી આ મુસાફર જનતા તથા આસપાસના વિસ્તારના રહીશોમાં ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

## ખૂણે ખાંચરેથી...

● વાદળછાયુ વાતાવરણ થતાં જીરૂ અને વરીયાળીના પાકને નુકશાન થવાનો ભય ખેડૂતોને સતાવી રહ્યો છે.

● ભકત કવિ નરસૈંયો એક અધ્યયન પર આજે ચૌધરી કોલેજમાં એક પરિસંવાદ યોજાયો છે. જેમાં ગુજરાતના જાણીતા સાહિત્કારો રાજેન્દ્ર શુકલ, ભાગ્યેશ જહા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેનાર છે.

● ગાંધીનગર ખાતે ત્રિદિવસીય ટ્રાવેલ માર્ટનું આયોજન ૧૯થી ૨૧ દરમિયાન કરાયું છે.

● આગામી ૨૮મીએ યોજાનાર મહેસુલી તલાટી તેમજ ૨૧મીએ યોજાનાર પેથાપુર નગરપાલિકાની ચુંટણીની તૈયારીમાં તંત્ર વ્યસ્ત બન્યું છે.

● અલુવા હિલ્સમાં ગાંધીનગરના મહેસુલી અધિકારીઓની માસિક બેઠક મળી હતી.

● ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં સફાઈના મુદ્દે તંત્ર દ્વારા આંખ આડા કાન કરાતાં ગ્રામજનો આંદોલનના મૂડમાં આવી ગયા છે.

● ગાંધીનગર જિલ્લામાં બટાટાના પાકની નવી આવક શરૂ થતાં દહેગામમાં બટાટાનું બજાર જામી રહ્યું છે.





વસંતોત્સવ : ગાંધીનગર શહેરનું અનોખું નજરાણું એટલે સંસ્કૃતિ કુંજ. દર વર્ષે શહેરના પાદરમાં સંસ્કૃતિ કુંજના પ્રાકૃતિક માહોલમાં રોજ સાંજે નૃત્યોની રમઝટ જામશે. દેશના વિવિધ પ્રાંતોની વિવિધ શૈલીના નૃત્યોની અભિવ્યક્તિ સંસ્કૃતિ કુજના પ્રત્યેક સાંજને રળિયામણી બનાવશે. સાથો સાથ ગ્રામીણ સંસ્કૃતિનો માહોલ નિર્માણ થઈ રહ્યો છે. હાટ ભરાશે, ખાણી-પીણીના બજારો જામશે. વૈવિધ્યપૂર્ણ કલાસંસ્કૃતિકનો માહોલ એટલે સંસ્કૃતિ કુંજનો વસંતોત્સવ.... (તસવીર : કશ્યપ નિમાવત)

# ઉનાળાનો બિલ્લી પગે પ્રવેશ

## ગુરૂત્તમ તાપમાન ૩૧.૫ પર પહોંચ્યું જ્યારે લઘુત્તમ ૨૦ ડીગ્રી

## કચેરી અને ઘરોમાં પંખા - એસીનો ધમધમાટ પુનઃ શરૂ

ગાંધીનગર, તા. ૧૭

શહેરમાંથી શિયાળો ધીમે ધીમે વિદાય લઈ રહ્યો છે. અને ઉનાળાના આગમનના અહેસાસ વચ્ચે ઠંડી અને ગરમીનો પારો સતત ચઢ-ઉતર કરી રહ્યો છે. પરિણામે મોસમના મિજાજમાં પણ અદ્‌ભૂત પરિવર્તન થઈ રહ્યું છે. લાંબા સમયથી મહત્તમ ગરમીનો પારો નીચે રહેતા આજે આ મહત્તમ ગરમીનો પારો ઉપર જતા તાપમાનનો પારો ૩૧.૫ ડિ.સે. નોંધાયો હતો. જ્યારે લઘુત્તમ તાપમાનનો પારો ૨૦ ડિ.સે. નોંધાયો છે. પાટનગર ગાંધીનગર સહિત રાજ્યભરમાંથી શિયાળો વિદાય લઈ રહ્યો છે. અને છેલ્લા બે દિવસથી ઉનાળાના આગમનનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે.

સવારે અને રાત્રે ઠંડીથી અને બપોરના સમયે ગરમીનો પારો વિશેષરૂપે લોકો પ્રભાવિત થઈ રહ્યા છે. ઠંડી અને ગરમીના પારાની સતત ઉતાર-ચઢાવ વચ્ચે મોસમનો મિજાજ પણ બદલાઈ રહ્યો છે. આવા સંજોગોમાં બેવડી ઋતુની લોકોના આરોગ્ય પર સીધી અસર થઈ રહી છે. આથી તાવ, ઉધરસ, શરદી વેગેરેના કેસોમાં પણ નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. મોસમના આ બદલાતા પરિવર્તનને લીધે છેલ્લા બે દિવસથી વાદળછાયુ વાતાવરણ રહેતા આખો દિવસ સુસ્તીભર્યો નગરજનો અનુભવી રહ્યા છે. ત્યારે કેટલાક હવામાન નિષ્ણાંતો આગામી સમયમાં વરસાદી છાંટણા થવાનું પણ અનુમાન કરી રહ્યા છે. આમ આજે મોસમમાં લઘુત્તમ તાપમાનો પારો ૩૧.૫ ડિ.સે. રહ્યો હતો. જ્યારે સવારે ભેજ ૫૭ ટકા અને સાંજે ભેજ ૪૫ ટકા નોંધાયો હતો.

ઋતુ ચક્રની આ બેવડી રમત વચ્ચે નગરજનોએ ગરમ કપડા પહેરવા કે ન પહેરવા તે સમજાતુ જ નથી.

# સે -૧૩ એ કોમન પ્લોટમાં કચરાનો ઢગ કયારે દુર થશે...?

**સ્વચ્છતા અભિયાન અંતર્ગત વસાહતીઓ દ્વારા ૩ અરજી કરાઈ છે છતા કચરાનો ઢગ દુર કરવામાં તંત્રનું ઉદાસીન વલણ**

ગાંધીનગર, તા.૧૭

દેશના સ્વચ્છ શહેરોની યાદીમાં ગાંધીનગર શહેરનું નામ નથી. સ્વચ્છ ગાંધીનગર નિર્માણ કરવા તંત્રના અધિકારીઓ રાત - દિવસ એક કરી રહ્યા છે. મનપા દ્વારા મહિનો લાખો રુપીયાનો ખર્ચ સ્વચ્છતા પાછળ કરવામાં આવે છે. ત્યારે મનપાના સફાઈ કર્મીઓની મનમાનીનો કિસ્સો સામે આવ્યો છે. સેકટર-૧૩ એ કોમન ચોકમાં કચરાનો ઢગ ખડકાયો છે. સ્વચ્છતા મિશનમાં સહભાગી થવા વસાહતીઓ એ આ કચરાના ખડકલાને દુર કરવા મનપાના સેનેટરી ઈન્સ્પેકટરને સે.૧૬ ત્રણવાર અરજી આપી છતા પણ કોમન ચોકનો કચરાનો ઢગ દુર થવા પામ્યો નથી. દેશના સ્વચ્છ શહેરોમાં ગાંધીનગરનું સ્થાન નથી તેની પાછળ તંત્રના આવા કામથી દુર ભાગતા કર્મચારીઓ તો જવાબદાર નહિ હોય ને તેવું વસાહતીઓમાં ચર્ચાઈ રહ્યું છે.

ગુજરાત રાજયના પાટનગરની ગ્રીનસીટી અને કલીન સીટી તરીકે ઓળખ પ્રસ્થાપિત થઈ છે. સ્વચ્છ ભારત અંતર્ગત સફાઈ અભિયાન પર તંત્ર દ્વાર વિશેષ ભાર મુકવામાં આવી રહ્યો છે. છતા દેશના સ્વચ્છ શહેરોમાં ગાંધીનગરનું નામ જોજનો દુર છે. શહેરમાં સફાઈ અંગે લાખો રુપીયા ખર્ચ કરવામાં આવે છે અને સેકટરોમાં આવેલા મકાનમાં ડોર-ટુ-ડોર કચરાનું કલેકશન વાહનો દ્વારા કરવામાં આવી રહ્યું છે. ત્યારે ગાંધીનગર શહેરના સે.૧૩ એ પ્લોટ નં- ૬૬૦ થી ૬૬૩, ૬૬૬, ૬૭, ૬૯, ૭૦ માં રહેવા વસાહતીઓના ઘર સામે કોમન પ્લોટ આવેલો છે. આ ખૂલ્લા પ્લોટમાં કચરાનો ઢગ ખડકાયો છે સફાઈ અભિયાન અંગે જાગૃત બનતા વસાહતીઓ દ્વારા સે.૧૬ સફાઈની કચેરી ખાતે ૩ અરજી આ ઢગ દુર કરવા આપવામાં આવી હતી. પરંતુ હજુ સુધી આ કચરાનો ખડકલો તેમનો તેમ છે. સફાઈકામ થાય તો વસાહતીઓને કોમન પ્લોટનો સદ્‌ઉપયોગ કરી શકે. આ કચરાના ઢગથી મચ્છરોનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે. સ્થાનિક રહિશોના આરોગ્ય સામે પણ ખતરો મંડાયો છે. અત્યારે હાલ શહેરમાં બેવડી રુતુને કારણે દર્દીઓથી દવાખાના ઉભરાઈ રહ્યા છે. ત્યારે આવા સંજોગોમાં આ કચરાનો ઢગ ઝડપી દુર થાય તેવું વસાહતીઓ ઈચ્છી રહ્યા છે.

# મહુન્દ્રા પાસે રિક્ષા ડીવાઈડર પર ચઢી જતા માસીબાનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૭

અમદાવાદના કુબેરનગર ખાતેથી ૬૦ વર્ષીય માસીબા રિક્ષામાં હિંમતનગર તરફ જવા નીકળ્યા હતા તે દરમિયાન ગઈ મોડી સાંજે મહુન્દ્રા પાટીયા પાસે રિક્ષા ડીવાઈડર પર ચઢી જતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં રિક્ષામાં સવાર માસીબાનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. જયારે ડ્રાઈવર સહિત બે વ્યકિતઓ ઘાયલ થયા હતા. બેદરકારી ભર્યું વાહન ચલાવી એકનું મૃત્યુ નિપજાવવા બદલ રિક્ષા ડ્રાઈવર સામે ગુનો દાખલ કરી ચિલોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અમદાવાદમાં કુબેરનગર વિસ્તારમાં રહેતા માસીબા ચંપાદે (ઉ.વ. ૬૦) ગઈ કાલે રિક્ષામાં હિંમતનગર તરફ જવા નીકળ્યા હતા. કુબેરનગરનો યુવાન મુકેશ જયપાલ દેબલાની રિક્ષા ચલાવી રહ્યો હતો અને અવચંદન જેઠવાણી સાથે બેઠો હતો. ત્રણેય રિક્ષા નં. જીજે ૧ ડીબી ૪૭૫૫ લઈને હિંમતનગર જઈ રહ્યા હતા ત્યારે મહુન્દ્રા ગામના પાટીયા પાસે રિક્ષા ડીવાઈડર પર ચઢી ગઈ હતી. આ અકસ્માતમાં રિક્ષા પલ્ટી ખાઈ જતા ચંપાદેનું કરૂણ મૃત્યુ નિપજયું હતું.

જયારે અન્ય બંને ઘાયલ થયા હતા. અવચંદનની ફરિયાદને આધારે ચિલોડા પોલીસે બેફામ રિક્ષા ચલાવનાર મુકેશ દેબલાની સામે ગુનો દાખલ કરીને ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# વાસણિયા મહાદેવ સામેના સાંઈબાબા સંકુલમાં પ્રાણ-પ્રતિષ્ઠા

ગાંધીનગર તાલુકાના વાસણ ખાતે સુપ્રસિધ્ધ વૈજનાથ મહાદેવ મંદિર સામેના હનુમાનજી કંપાઉન્ડમાં આવેલ સાંઈબાબા સંકુલ ખાતે તા. ૧૯મી ફેબ્રુઆરી શુક્રવારે અર્બુદા માતાજી તથા રાધા કૃષ્ણ ભગવાની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા યોજાશે. આ પ્રસંગે કાર્યક્રમના પ્રમુખપદે ગુજરાત વિધાનસભાના વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા ઉપસ્થિત રહેશે. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં વિધાનસભાના કોંગ્રેસ પક્ષના દંડક ધારાસભ્ય બળવંતસિંહ રાજપૂત, ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હરીભાઈ ચૌધરી સહિતના અગ્રણીઓ ઉપરાંત મૂર્તિના દાતાઓ જેસીંગભાઈ વેલજીભાઈ ચૌધરી તથા સુરેશભાઈ વેલજીભાઈ ચૌધરી પણ ઉપસ્થિત રહેશે. આ ધાર્મિક પ્રસંગનો લાભ લેવા જાહેર જનતાને પણ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# વાવોલમાંથી બાઈક પર રમની બોટલો લઈને જતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર નજીક વાવોલ ગામમાંથી ગઈ મોડી સાંજે સેકટર-૭ પોલીસે બાતમીને આધારે એક બાઈક ચાલક શખ્સને રમની ચાર બોટલો સાથે ઝડપી પાડયો હતો. રમની ચાર બોટલ તથા બાઈક મળી રૂ. ૩૨ હજારનો મુદ્દામાલ જપ્ત કરીને સે-૭ પોલીસે વાવોલના એક શખ્સની ધરપકડ કરી લીધી છે જયારે એક શખ્સ હજુ વોન્ટેડ છે.

સેકટર-૭ પોલીસ મથકના પીએસઆઈ વી.યુ. ગડરીયા તથા તેમની ટીમને બાતમી મળી હતી કે વાવોલ ગામમાં એક શખ્સ બાઈક પર દારૂની બોટલોની ખેપ મારી રહ્યો છે જેને આધારે વાવોલ ગામમાં એક કોમ્પ્લેક્ષ નજીક રોડ પર વૉચ ગોઠવી બાઈક લઈને દારૂની બોટલો લઈને નિકળેલા શખ્સને પકડી પાડયો હતો. રમની ચાર બોટલો સાથે વાવોલના તાલીબ અનીશભાઈ શેખની સે-૭ પોલીસે ધરપકડ કરી લીધી હતી જયારે મોહસીન શરીફ મહમ્મદ શેખ વોન્ટેડ છે. પોલીસે રૂ.૩૨,૦૨૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

# અમદાવાદમાં સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા જીવનસાથી મહાસંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૧૭

સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા વિશ્વસ્તરીય બે દિવસીય જીવન સાથી પસંદગી મહાસંમેલન યોજાશે. આ મહાસંમેલન શ્રી ભાગવત વિદ્યાપીઠ સોલા અમદાવાદ ખાતે ખુબ મોટા પ્રમાણમાં બે દિવસ માટે આયોજન કરવામાં આવ્યું છે.

આ જીવન સાથી પસંદગી મેળામાં ભાગ લેવા ઈચ્છુક યુવક યુવતિઓએ ફોર્મ તા. ૨૫ ફેબ્રુઆરી ગુરુવાર સુધીમાં ફોર્મ ભરીને સેકટર - ૧૬ બ્રહ્મસમાજની વાડી અથવા શ્રી પંચદેવ મંદિર સેકટર - ૨૨ ખાતે જમા કરાવવા સર્વ ભુદેવોને પરશુરામ ફાઉન્ડેશનના ગાંધીનગર જિલ્લાના સંયોજક વિપુલ ઠાકરે જણાવ્યું છે.

# ૧૦૮ ઈમરજન્સી સેવાએ રાજયમાં ૬૨ લાખથી વધુને તત્કાલ સેવા આપી

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાતમાં આપાતકાલિન સેવાઓમાં આરોગ્ય રક્ષા આપતી જીવીકે ઈ.એમ.આર.આઈ. ૧૦૮ સેવાએ અને તેના સેવાવૃત્તી કર્મયોગીઓએ રાજ્યમાં અત્યાર સુધીમાં ૬૧ લાખ ૭૭ હજારથી વધુ નાગરિકોના કિસ્સામાં તત્કાલ સેવા પુરી પાડી છે.

રાજ્ય સરકારે નાગરિકો-પ્રજાજનોને કપરા સમયે આરોગ્ય સેવા તાત્કાલિક સારવાર ઉપલબ્ધ થાય તેવા ઉદાત ભાવ સાથે પીપીપી ધોરણે શરૂ કરેલી આ ૧૦૮ એમ્બ્યુલન્સ-ઈએમઆરઆઈ સેવા હવે આપાતકાલમાં લોકજીભે ચડી ગયેલું માધ્યમ બની છે.

આ ઈમરજન્સી મેનેજમેન્ટ સર્વિસીસના જાન્યુઆરી-૨૦૧૬ અંતિત આંકડાઓ ફલિત કરે છે કે ૨૧ લાખ ૩૨ હજાર પ્રસુતા માતા-બહેનોને, માર્ગ અકસ્માતના કિસ્સામાં ૮ લાખ ૯૮ હજાર ઈજાગ્રસ્તોને તથા માનવજીવન સામે આરોગ્ય સેવાની સંવેદનશીલ પડકાર રૂપ સ્થિતિમાં ૪ લાખ ૮૦ હજાર નાગરિકોને તત્કાલ સહાય સેવાથી નવજીવન બક્ષ્યું છે.

૧૦૮ના પાયલટ અને ઈએમટીની સેવાવ્રતી ભાવનાને પરિણામે ૪૨૩૫૮ જેટલી પ્રસુતિ એમ્બ્યુલન્સમાં સફળતાપૂર્વક કરાવીને પ્રસુતા માતા-નવજાત શિશુને આરોગ્ય સેવા પુરી પાડી છે.

# સેકટર - ૩ ડી ખાતે રામકથા જ્ઞાનયજ્ઞ મહોત્સવ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના સેકટર-૩ ડી રામજી મંદિર સાંઈબાબા મંદિર પાસે શ્રી રામ કથા જ્ઞાન યજ્ઞ મહોત્સવ ચાલી રહ્યો છે. આ કથામા યોજાનાર શિવ વિવાહ, રામ જન્મોત્સવ, ભરત રામ મિલાપ, હનુમાન પ્રાગટય, શિવ તાંડવ, રાજારામ અભિષેક, રામેશ્વર પ્રાગટયની ઝાંખી ભકતોને કરાવાશે. સંજય ભારતી ગોસ્વામીની વ્યાસપીઠે આગવી શૈલીમાં કથા શ્રવણ કરવા નગરના ભકતોને રામ સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી મગનભાઈ પરમારે અનુરોધ કર્યો છે.


ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧



